સ્નોશૂ થોમ્પસન

નેન્સી લેવિન્સન

અનુક્રમણિકા

પ્રકરણ 1
પાપાના નામે પત્ર

પ્રકરણ 2
સ્કીસ બનાવવાનું

પ્રકરણ 3
બરફ પર સ્કીઈંગ કરવું

પ્રકરણ 4
પહાડોની ઉપર

પ્રકરણ 5
ડેની માટે શુભ સમાચાર!

NEVADA
CARSON CITY
PLACERVILLE
SACRAMENTO
SAN FRANCISCO
CALIFORNIA

1.
પાપાના નામે પત્ર

નાતાલના થોડા અઠવાડિયા પહેલાની વાત છે.

પ્લેસરવીલ ટપાલ કચેરીમાં
ડેની ઓ'રાઇલી
ટપાલના કોચની રાહ જોઈ રહ્યો હતો.

ડેનીને એના પાપાને
એક પત્ર મોકલવો હતો.

પત્રમાં લખ્યું હતું:

પ્રિય પાપા,
તમારા ગયાને ઘણો સમય વીતી ગયો છે.
કાકી નેન અને હું દિવસો ગણીએ છીએ.
મારી ઈચ્છા છે કે તમે ઘરે આવી જાવ.
શું તમે હજી પણ નેવાડામાં
સોનાની શોધ કરી રહ્યા છો?
જો તમને સોનુ મળી પણ જાય છે
તો મને એનાથી કોઈ ફરક પડતો નથી.
મને તમે બહુ યાદ આવો છો.
હું ઈચ્છું છું કે તમે નાતાલ
પર ઘરે આવો.
તમારો પુત્ર,
ડેની.

દરવાજો ખુલ્યો.
વૃદ્ધ જો, ટપાલ કચેરીનો કારકુન, અંદર આવ્યો.
"ખરાબ સમાચાર છે," એણે કહ્યું.

"વસંત આવે ત્યાં સુધી કોઈ ટપાલ આવી-જઈ શકશે નહીં.
બરફ બહુ વધારે છે."

ડેનીને એના આંસુ રોકવા માટે
પ્રયાસ કરવો પડયો.
એનો પત્ર એણે ખિસ્સામાં રાખ્યો હતો.
"હવે મારો પત્ર શું કામનો?"
એણે નેન કાકીને પૂછ્યું.
"પાપાને ક્યારેય ખબર નહીં પડે
કે મને એ કેટલા યાદ આવે છે.
કદાચ એ ક્યારેય પાછા જ ન આવે."
"શાંત થઈ જા, છોકરા," નેન કાકીએ કહ્યું.
"તારે વસંત સુધી રાહ જોવી પડશે.
હવે પહાડોની પેલે પાર
કોઈ જઇ નહીં શકે,
ટપાલ પણ નહીં."

ત્યાં જોન થોમ્પસન
આગળ આવ્યો.
એ નગરમાં થોડા સમય પહેલા જ આવ્યો હતો.
"શિયાળામાં શું કોઈ ટપાલ જશે નહીં?"
જોને પૂછ્યું.
"એ સાચું છે,"
વૃદ્ધ જો એ કહ્યું.
"સિએરા નેવાડાના પહાડોને
શિયાળામાં પાર કરવાની ઘણા લોકોએ
કોશિશ કરી છે પણ બહુ ઓછા લોકોનેજ
સફળતા મળી છે.
બર્ફીલા સમયમાં આ પહાડ
બહુ જોખમકારક થઈ જાય છે."

"હું જઈ શકું છું," જોને કહ્યું.
"કેવી રીતે?" ડેનીએ પૂછ્યું.

"એક રસ્તો છે," જોન બોલ્યો.
"કાલે મારી કેબીનમાં આવજે
અને હું તને દેખાડીશ."

2.
સ્કીસ બનાવવાનું

જોન લાકડાના એક ઢીમચાને
કાપી રહ્યો હતો.
વ્હેક! થવેક!
"તમે શું કરી રહ્યા છો?"
ડેનીએ પૂછ્યું.
જોને ઉપર જોયું અને
માથા પરથી પરસેવો લૂછ્યો.
"ટપાલ લઈ જવા માટે
હું સ્કીસ બનાવી રહ્યો છું,"
એણે કહ્યું.
"સ્કીસ શું હોય છે?"
ડેનીએ પૂછ્યું.



"સ્કીસ બરફમાં પહેરવામાં આવતા
બુટ જેવી હોય છે," જોને કહ્યું.
"પણ સ્કીસ બરફ ઉપર તેજીથી
સરકી જાય છે.
શિયાળામાં નોર્વેમાં બધા
સ્કીસ પહેરીને એક જગ્યાએથી
બીજી જગ્યાએ જાય છે."
"શું એ પહેરીને તમે
પહાડોની બીજી બાજુ જઈ શકો
છો?"
ડેનીએ પૂછ્યું.
"ચોક્કસ," જોને કહ્યું.



જોને એની કુહાડી ચલાવી.
વ્હેક! થવેક! વ્હેક!
એણે ઢીમચાને વારે-વારે કાપ્યું.
"આ લે! લાકડીના બે લાંબા પાટિયા
બની ગયા છે. હવે આપણે આ લાકડીને
કાંચ જેટલી લીસ્સી બનાવવાની છે."
"શું હું તમારી મદદ કરી શકું છું?"
ડેનીએ પૂછ્યું.
"હા," જોને કહ્યું.
"જયારે હું આ લાકડીના પાટિયાને
સ્કીસનો આકાર આપી દઉં, ત્યારે
તું એને ઘસીને લીસ્સા કરી દેજ."

ઘસો! ખોતરો!
ઘસો! ખોતરો!

ડેનીના હાથ થાકી ગયા,
પણ એ રોકાયો નહીં.

"તું બહુ સારું કરી રહ્યો છે,"
જોને ડેનીને કહ્યું.
ડેનીએ સ્મિત કર્યું.
હવે એને એટલો થાક
લાગતો ન હતો.
આખરે લાકડી કાંચની જેમ લીસ્સી
થઈ ગઈ.
"શું સ્કીસ બની ગઈ?"
ડેનીએ પૂછ્યું.
"હજી નહીં," જોને કહ્યું.
"હવે આપણે લાકડીને ઉકાળવાની
છે."
" ઉકાળવાની છે?" ડેનીએ પૂછ્યું.
"હા," જોને કહ્યું.

"આપણે લાકડીની ટોચ નરમ કરવાની છે
જેથી આપણે એને વાળી શકીયે."
"એમાં કેટલો સમય લાગશે?"
ડેનીએ પૂછ્યું.
"કદાચ સૂર્યાસ્ત સુધી,"
જોને કહ્યું.
ડેનીએ જોયું કે
ઉકળતા પાણીમાં લાકડા
ઉપર પરપોટા થઈ રહ્યા હતા.



"શું લાકડી હવે નરમ થઈ ગઈ છે?"
ડેનીએ પૂછ્યું.
"હા," જોને કહ્યું.
"હવે આપણે લાકડીની નરમ ટોચને

બે ઢીમચાંની વચ્ચે ખોસી દેશું.
એનાથી નરમ છેડા વળી જશે.
કાલ સુધી આ સ્કીસ સૂકાઈ જશે.
સૂર્યોદયના સમયે હું એને અજમાવી જોઇશ."

ડેનીએ એના ખિસ્સામાં એનો હાથ નાખ્યો.
"થોડા સમયમાં મારો પત્ર
પાપા પાસે જવા રવાના થશે,"
એણે કહ્યું.
"તું મારા પર ભરોસો કરી શકે છે,"
જોને કહ્યું.



3.
બરફ પર સ્કીઈંગ કરવાનું

હેન્ગટાઉનના પહાડો ઉપર સૂર્યોદય થયો.
ડેની જલ્દી-જલ્દી આવ્યો.
જોને સ્કીસ પહેરી લીધી હતી.
એના એક હાથમાં
એક લાંબો વાંસ હતો.
એ બરફ પર સરકી રહ્યો હતો.

"તમે બહુ ઝડપથી જઈ રહ્યા છો!"
ડેનીએ
ચીસ પાડી.
જોન થંભી ગયો.
"હવે હું પહાડ પર જવાની
કોશિશ કરીશ," એણે કહ્યું.

"ઉભા રહો," ડેનીએ કહ્યું.
"હું નેન કાકીને બોલાવી લાવું છું.
એને પણ જોવું હશે."
બધા જોવા માટે બહાર આવી ગયા.

"હું આ ચાલ્યો!" જોને બૂમ પાડીને કહ્યું.



વ્હુશ! સ્વીશ! વ્હુશ!



"જોન વૃક્ષ સાથે અથડાશે
અને એની ખોપરી ફાટી જશે,"
વૃદ્ધ જો એ કહ્યું.
નેન કાકીએ ચીસ પાડી.
"દુઃસાહસી!" બીજા કોઈએ બૂમ પાડી.

"જોન અવિચારી જોખમ ખેડનાર
નથી!"
ડેનીએ કહ્યું.
"એ ટપાલ લઈ જશે.
આપણે એની ઉપર ભરોસો કરી
શકીયે છીએ."

4.
પહાડોની ઉપર

એ દિવસે ઉજાસભરી ઠંડી સવાર હતી.
જોન નીકળવા માટે તૈયાર હતો.
ટપાલથી ભરેલો એક મોટો થેલો એણે
એની પીઠ પર બાંધ્યો હતો.
એની સ્કીસને એણે પટ્ટાથી એના
બુટ સાથે કસી ને બાંધી દીધી હતી.
"તમે પાછા ક્યારે આવશો?"
ડેનીએ પૂછ્યું.
"મને ખાતરી નથી,"
જોને કહ્યું.

"આ પહાડ મારે માટે
નવા છે.
પણ તું ચિંતા નહીં કર.
હું ચોક્કસ પાછો
આવીશ."

જોને એની યાત્રાનો આરંભ કર્યો.
એ સ્કીઈંગ કરતો મેદાનોમાંથી સરક્યો અને
પહાડના ઢાળ ચઢ્યો-ઉતર્યો.
એ આગળ જતો ગયો.

અચાનક આકાશમાં અંધારું છવાઈ ગયું
અને બરફ પડવા લાગ્યો.
પવન સૂસવાટા કરવા લાગ્યો.
એ એટલા જોરથી ફૂંકાતો હતો કે
જોનને કંઈ દેખાતું ન હતું.
"નગરના લોકો સાચું કહેતા હતા,"
જોન મનમાં બોલ્યો.
"શિયાળામાં સિએરા નેવાડા
બહુ જોખમકારક થઈ જાય છે."



જોનને હજી બહુ દૂર જવાનું હતું -
લગભગ નેવું માઈલ દૂર.
પણ એણે હાર ન માની.
એ પાછો ન ફર્યો.

5.
ડેની માટે શુભ સમાચાર

ટપાલ કચેરીની બારીના કાંચ
પર ડેનીએ એનું નાક દબાવ્યું.

અને પહાડોને તાકીને જોવા લાગ્યો.
"જોનને ગયે પાંચ દિવસ થઈ ગયા છે,"
ડેનીએ કહ્યું.
"બિચારો જોન," નેન કાકીએ કહ્યું.
"હું આશા કરું છું કે એ હજી
જીવિત હશે."
"બની શકે છે કે ઠંડીને લીધે એનું મૃત્યુ
થઈ ગયું હોય," એક માણસે કહ્યું.
"બની શકે છે કે વરુએ એના પર
હૂમલો કર્યો હોય," એ માણસની
પત્નીએ કહ્યું.
"જોન ચોક્કસ પાછો આવશે,"
ડેનીએ કહ્યું.
"હું જાણું છું, એ આવશે."



અચાનક વૃદ્ધ જો એ ચીસ પાડી.
"જુઓ, ત્યાં રહ્યો એ માણસ
એના અનોખા સ્નોશૂ પહેરેલો!"

ડેની બહાર દોડયો.
"હું જાણતો હતો કે તમે પાછા આવશો,"
ડેનીએ ચીસ પાડીને કહ્યું.

"મેં તને કહ્યું હતું કે તું
મારા પર ભરોસો કરી શકે છે,"
જોન બોલ્યો.
એણે એનો ટપાલથી ભરેલો થેલો ખોલ્યો
અને એમાંથી એક પત્ર કાઢ્યો.
"આ લે, ડેની, આ તારે માટે છે."

ડેનીએ પરબીડિયું ખોલ્યું અને પત્ર કાઢ્યો.

એ વાંચવા લાગ્યો:

પ્રિય ડેની,

તારો પત્ર મળવાથી

હું બહુ પ્રસન્ન થયો.

મને પણ તું યાદ આવે છે.

નાતાલ પર હું ઘરે આવીશ.

તને મળવા માટે હું હવે

વધારે રાહ જોઈ નહીં શકું.

પાપાનો ઘણો બધો પ્રેમ.

"પાપા અહીં પહોંચશે કેવી રીતે?"
ડેનીએ જોનને પૂછ્યું.
"સ્કીસ પર!" જોને કહ્યું.
"તારા પાપા માટે
આપણે એક જોડી સ્કીસ
બનાવશું."

"પાપા સ્કીસ પહેરીને ઘરે આવશે,"
ડેની ખુશીથી બોલ્યો.
"પાપા નાતાલ પર ઘરે આવશે!"

લેખકની નોંધ

જોન થોમ્પસનની આ વાર્તા એક સત્ય કહાણી છે. એનો જન્મ નોર્વેમાં થયો હતો. સોનાની શોધમાં 1850 ની આસપાસ એ પ્લેસરવીલ, કેલિફોર્નિયા આવી ગયો હતો. જોન એ સ્કેન્ડિનેવિયન લોકોમાંથી હતો જેણે અમેરિકામાં લોકોનો સ્કીસથી પરિચય કરાવ્યો હતો.

શિયાળામાં જયારે સિએરા નેવાડા, ઉત્તરી કેલિફોર્નિયાને દેશના અન્ય ભાગોથી જુદો કરી દેતો હતો, જોન ટપાલના ભારે થેલા ઉપાડીને એની સ્કીસ પર એક લાંબી, જોખમકારક યાત્રા કરીને પહાડોની બીજી બાજુ જતો હતો. એની પાંચ દિવસની આ યાત્રામાં એ સૂકું માંસ અને બિસ્કિટ ખાઈને એની ભૂખ સંતોષતો હતો અને તરસ છીપાવવા માટે બરફનો ઉપયોગ કરતો હતો. પહાડોની ગૂફામાં રાત વિતાવતો હતો. એ છતાં, એણે ઘણી વાર રસ્તો ભટકેલા અને ઠંડીમાં ઠૂંઠવાયેલા લોકોને પણ બચાવ્યા હતા.

ત્યાંના સ્થાનીય લોકો એને સ્નોશૂ થોમ્પસનના નામથી બોલાવવા લાગ્યા હતા. જોકે એ સોનુ શોધી શક્યો ન હતો, પણ એ ઘણી દંતકથાઓનો હીરો બની ગયો હતો.